# ગુજરાત યુનિવર્સિટી પીએચ ડી કોર્સ વર્ક અંગેની જરૂરી માહિતી

ગુજરાત યુનિવર્સિટી ખાતે પીએચ. ડી.ની પદવી માટે નોંધાયેલા તમામ વિદ્યાર્થીઓનું યુજીસીના પીએચ ડી માટેના વિવિધ રેગ્યુલેશન, ગુજરાત યુનિવર્સિટીના સબંધિત ઓર્ડીનંસ પ્રમાણે તેમજ ગુજરાત યુનિવર્સિટી એકેડેમીક કાઉન્સિલ અને એક્ઝ્યુક્યુટીવ કાઉન્સિલની મંજૂરી અન્વયે પીએચ ડી કોર્સવર્ક Human Resource Development Centre (HRDC) હ્યુમન રીસોર્સ ડેવલોપમેન્ટ સેન્ટર (એકેડેમીક સ્ટાફ કોલેજ), ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ દ્વારા તૈયાર કરવામાં આવેલ રીતે બ્લેન્ડેડ મોડ (ઓનલાઈન અને ઓફલાઈન) રીતે કરવાનુ થાય છે જે અંગેની જરૂરી માહિતી નિચે મુજબ છે.

1. પીએચ ડી કોર્સવર્ક કરવા ઈચ્છતા તમામ વિદ્યાર્થીઓએ રૂ.2500/- રજીસ્ટ્રેશન ફી ઓનલાઈન ભરી રજીસ્ટ્રેશન કરવાનુ રહેશે.
2. ઓનલાઈન ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીએ સ્કેન કરેલ પાસપોર્ટ સાઈઝનો ફોટો, પીએચ ડી રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ/ પીએચ ડી રજીસ્ટ્રેશનની ફી ભર્યાની પાવતી અને અહી આપેલ લીંક https://hrdc.gujaratuniversity.ac.in/hrdc-Download પરથી ડીક્લેરેશન ફોર્મ ડાઉનલોડ કરી તેની પ્રિન્ટ લઈ તેના પર ગાઈડના સહિસિક્કા કરાવી સ્કેન કરી તૈયાર રાખવાનું રહેશે. જે તમામ ડોક્યુમેન્ટ ફોર્મ ભરતી વખતે અપલોડ કરવાના રહેશે.
3. આ એક MOOC પ્રકારનો ઓનલાઈન કોર્સ છે જે આપે આપના ઘરેથી આપના કોમ્પુટર, ટેબ કે મોબાઈલ મારફતે કરવાનો રહેશે. આપ આપના સમયે તે કોર્સને કરી શકશો. કોર્સ દરમ્યાન આપે વિવિધ પ્રકારના ટાસ્ક, એક્ટીવીટી, એસાઈનમેન્ટ, ક્વીઝ, MCQ ટેસ્ટ, પ્રેઝન્ટેશન વગેરે કરવાના રહેશે. તેમજ કોર્સ પૂર્ણ થતા આપે પરીક્ષા માટે રૂ. 1000/- પરીક્ષા ફી ભરી રજીસ્ટ્રેશન કરાવવાનુ રહેશે ત્યાર બાદ આપની પરીક્ષા લેવામાં આવશે. સમગ્રતયા કોર્સ પૂર્ણ કર્યાબાદ પરિક્ષામાં ઓછામાં ઓછા 50% ગુણ મેળવનારને કોર્સ પૂર્ણ કર્યાનું પ્રમાણપત્ર આપવામાં આવશે.
4. પીએચ ડી કોર્સવર્ક વિશેની વિગતે માહિતી જેવીકે કોર્સમાં કેવી રીતે જોડાવવાનુ રહેશે, કોર્સ શરૂ થવાની તારીખ, અસાઈમેન્ટ, કોર્સની પરીક્ષા વગેરે આપનુ એડમીશન કન્ફર્મ થયા બાદ આપના ઈ મેલ પર મોકલી આપવામાં આવશે.
5. પીએચ ડી કોર્સવર્ક વિશે કે ફોર્મ ભરવા અંગે કોઈપણ મુશ્કેલી હોય તો phd@hrdcgujarat.ac.in ઈમેલ પર સંપર્ક કરવો.